# ઘ-૬ નજીક કોલવડા માર્ગ પર બસ સ્ટેન્ડ જર્જરીત હાલતમાં

## ગંદકી અને અનિષ્ઠ તત્વોથી ખદબદતું બસ સ્ટેન્ડ મુસાફરો માટે બિન ઉપયોગી બન્યું : તંત્રની ઘોર ઉપેક્ષા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી દૈનિક મોટી સખ્યામાં મુસાફરો કામકાજ અર્થે આવે છે. જેને અનુલક્ષીને શહેરમાં પીકઅપ બસસ્ટેન્ડ બનાવાયા છે. પરંતુ તંત્રની કાળજીના અભાવે આ બસ સ્ટેન્ડો જર્જરીત હાલતમાં આવી ગયા છે અને તેનો દુરુયોગ વધી ગયો છે તેમજ ગ્રામ્ય વિસ્તારના મુસાફરો માટે બિન ઉપયોગી બની ગયા છે. ઘ-૬ નજીક કોલવડા તરફ જવાના માર્ગ પર બનાવાયેલું પીક અપ બસ સ્ટેન્ડ તેનું ઉદાહરણ પુરું પાડી રહ્યુ છે.

ગાંધીનગર શહેર તેની સુંદરતા, સ્વચ્છતા અને શાંતિના બિરૂદ થકી રાજયભરમાં વખણાય છે ત્યારે તંત્રની કાળજીના અભાવે હવે આ શહેર તેની શાખ ધીમે ધીમે ગુમાવી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. શહેરના અને ગ્રામ્ય વિસ્તારોના મુસાફરો માટે બનાવાયેલા પીકઅપ સ્ટેન્ડ પણ યોગ્ય માવજતના અભાવે જર્જરીત હાલતમાં આવી ગયા છે અને શહેરની રોનકમાં 'સોનાની થાળીમાં લોઢાની મેખ' કહેવત અનુસાર ઓટ ઉભી કરી રહ્યા છે. હાલ ઘ-૬ નજીક ૬ નંબરના કોલવડા તરફ જવાના રોડ પર વર્ષો પહેલા પીક અપ સ્ટેન્ડ બનાવવામાં આવેલ છે.

આ બસ સ્ટેન્ડની સમયાંતરે યોગ્ય માવજત ના થવાથી જર્જરીત બની જવા પામ્યુ છે તેમજ બસ સ્ટેન્ડની દિવાલો પર જાહેરાતો તથા બિભત્સ લખાણો લખાઈ ગયા છે. આ ઉપરાંત આ બસસ્ટેન્ડનો અનિષ્ઠ તત્વો દ્વારા દુરુપયોગ કરાઈ રહ્યો છે. મુસાપરોને બસ પકડવા માર્ગ પર જ ઉભા રહેવું પડે છે અને બસ સ્ટેન્ડનો ઉપયોગ કરી શકતા નથી. અતિશય ગંદકી અને ખદબદતી બદબૂના લીધે આ સ્ટેન્ડની નજીક પણ જઈ શકતાનથી.

આ બસ સ્ટેન્ડને મુસાફરો માટે ઉપયોગી બનાવવા અને અસામાજિક તત્વોને દુર કરી રાત્રિ દરમિયાન મહિલાઓ પણ નિશ્ચિંત પણે ઉપયોગ કરી શકે તે માટે તેની યોગ્ય મરામત કરવામાં આવે તેવી જનતામાં માંગ ઉઠવા પામી છે. આ સ્ટેન્ડની નજીક જ કડી શિક્ષણ સંકુલ જેવી શૈક્ષણિક સંસ્થાઓ આવેલી હોવાથી વિદ્યાર્થીઓ માટે પણ આ બસ સ્ટેન્ડ ઉપયોગી બને તેવું કરવા માંગ થઈ રહી છે.

## સે. ૨૯માં મફત સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

શહેરના સેક્ટર-૨૯માં આવેલ અર્બન હેલ્થ સેન્ટર અને આરોગ્ય વિભાગ મહાનગર પાલિકા દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૨ જૂન, રવિવાર સવારે ૯ થી ૧૨ સુધી અર્બન હેલ્થ સેન્ટર સેક્ટર-૨૯ ખાતે કેમ્પ યોજાશે. કેમ્પમાં ચામડીના રોગો, સ્ત્રી ને લગતા રોગો, બાળ રોગ, સહિત ચકાસણી કરવામાં આવશે.

## સત્તાવીસ ગોળ રોહિત સમાજની બેઠક

ગાંધીનગર, તા.૨૦

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટની સામાન્ય સભા તા. ૨૨ જૂનના રોજ સંતશ્રી રોહિતદાસ સેવા સંકુલ સેકટર-૬ ખાતે બપોરે ૧.૦૦ વાગે મળશે. બેઠકમાં ટ્રસ્ટના સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા નટવરલાલ મોઢવાડિયાએ જણાવ્યું છે.




(તસવીર : મગનજી વણઝારા)

રાજય સરકારના વિવિધ વિભાગોની -જાકલ્યાણ અને જનસેવાની અનેકવિધ યોજનાઓ જિલ્લાકક્ષાએ સુરક્ષા સેતુના માધ્યમથી સુચારૂ આયોજન અને અસરકાર કામગીરી બદલ રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે સાબરકાંઠા કલેકટર બંછાનિધિ પાનીનું સન્માન કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા જિલ્લામાં કલેકટર બંછાનિધિ પાનીના માર્ગદર્શન હેઠળ સુરક્ષા સેતુના માધ્યમથી ગરીબ બાળકોને ચોપડા વિતરણ, વિધવા મહિલાઓને સહાય, મહિલા સુરક્ષા સ્વરક્ષણ તાલીમ, અંબાજી પદયાત્રીઓ માટે વિસામો યોગ, સુગમ સંગીત અને નવરાત્રી મહોત્સવ જેવા -જાને જોડતા અનેકવિધ લોકભાગીદારીને લગતી અસરકારક કામગીરી કરવા બદલ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં તાજેતરમાં ગાંધીનગર ખાતે જિલ્લા કલેકટરઓની યોજાયેલી રાજય પરીષદમાં કલેકટર બંછાનિધિ પાનીનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે -જા અને પોલીસ વચ્ચે સમન્વય જળવાઈ રહે ત માટે ચાલતી સુરક્ષા સેતુની આ વિશેષ કામગીરી કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા છે.

# અન્નપૂર્ણા ધામના ભૂમિપૂજન માટે લેઉઆ પાટીદારોની રવિવારે ચિંતન બેઠક યોજાશે

## અડાલજ ખાતે અન્નપૂર્ણા માતાજીનું મંદિર અને ભોજનાલય બનાવાશે : આ સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનું તાલીમ કેન્દ્ર અને અદ્યતન છાત્રાલય પણ બનાવાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતે લેઉઆ કણબી પાટીદારોના આરાધ્ય દેવી 'અન્નપૂર્ણા માતાજી'નું મંદિર, ભોજનાલય તેમજ યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓનું તાલીમ કેન્દ્ર અને અદ્યતન છાત્રાલય બનાવવાનું બીડુ ઝડપ્યું છે. આ ભગીરથ કાર્ય અંગે આયોજન હાથ ધરવા તા. ૨૨મી જૂન, રવિવારે સે. ૧૭માં આવેલ ટાઉનહોલ ખાતે સવારે ૯ થી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન લેઉઆ પાટીદાર સમાજની ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ધરતી પર વસતા સમગ્ર યુવાનો ભરણપોષણ માટે અન્નની અધિષ્ઠાતા દેવી માં અન્નપૂર્ણા શક્તિ સ્વરૂપે પ્રગટ થયા હતા. ધરતીમાતાના પુત્રો અને કૃષિના વ્યવસાય સાથે જોડાયેલા કૃષિકર હોવાથી તેમજ દર વર્ષે સારી ફસલ થાય અને સમગ્ર પ્રજાને અન્ન મળી રહે તે માટે લેઉઆ કણબી પાટીદારોએ અન્નપૂર્ણા માતાજીના ઉપાસક બન્યા. વિશ્વમાં સૌ પ્રથમવાર કુદરતની દેન એવા પાંચ તત્વો આકાશ, પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુની અનુભૂતિ દ્વારા અડાલજ ખાતે અન્નપૂર્ણા માતાજીના મંદિર અને ઉચ્ચ અભ્યાસ કરતા યુવાવર્ગને અભ્યાસ કરવામાં સાનુકૂળતા રહે તે માટે રહેવાની સગવડતા ધરાવતા શૈક્ષણિક હેતુલક્ષી અદ્યતન પ્રકારના છાત્રાલયનું નિર્માણ કરવા માટે ગાંધીનગર અને અમદાવાદ વિસ્તારમાં વસતા લેઉઆ પાટીદારોના આગેવાનોએ અન્નપૂર્ણા ટ્રસ્ટ અડાલજની સ્થાપના કરી છે. આ ભગીરથ અને પુર્ણ કાર્ય માટે અડાલજના લેઉઆ પાટીદારોએ ૪૫૦૦ ચો.વાર જમીન ભૂમિદાન પેટે આપવાની જાહેરાત કરેલ છે.

અન્નપૂર્ણા માતાજીના મંદિરની સાથે ભોજનાલયનું પણ નિર્માણ કરવામાં આવશે. વળી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વહીવટી સેવાઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં યુવાધન સારી રીતે ભાગ લઈ શકે તે માટે એક તાલીમ કેન્દ્ર અને રહેવા માટેનું અદ્યતન છાત્રાલય પણ બનાવવામાં આવનાર છે. આ સમગ્ર સંકુલના બાંધકામ માટેના ભૂમિ પૂજન વિધિના કાર્યક્રમનું આયોજન કરવા રવિવારે ચિંતન બેઠકનું આયોજન કરાયું છે. જેમાં સમગ્ર લેઉઆ કણબી પાટીદાર સમાજના સભ્યોને આમંત્રણ અપાયું છે. ચિંતન બેઠક પત્યા પછી ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

## જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા. ૨૦

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં ધો. ૯ની વિદ્યાર્થિનીઓ માટે પ્રવેશોત્સવ આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજાયો. ધો. ૧૦ની વિદ્યાર્થિની દોશી કોમલ તથા પરમાર વિધિએ સ્વામી વિવેકાનંદજી તથા ગાંધીજીના ઉપદેશાત્મક વર્ણન કર્યુંહતું.

ધો. ૧૦ બહેનો સોનલ ચૌધરી, રંજન ચૌધરી, પાયલ ચૌધરી, ફાલ્ગુની વાઘેલા, પારેખ દેવાંગીએ બાળકોને કુમકુમ તિલક કરાવ્યુંહતું. આચાર્યાબેન તથા સુપરવાઈઝર શ્રી દલાલ, શ્રી ચારૂલબેન પુરોહિતે કાર્યક્રમ શોભાવ્યો હતો. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# પોલીસ મથકો બહાર હથિયારધારી જવાન તૈનાત રાખવાના પરિપત્રનું સુરસુરિયું

## બે વર્ષ પૂર્વે ડીજીપી કક્ષાએથી થયેલા પરિપત્રનો પ્રારંભિક તબક્કે અમલ થયો હતો : જપ્ત કરાયેલા કિંમતી મુદ્દામાલની સલામતી સામે પ્રશ્નાર્થ

ગાંધીનગર,તા.૨૦

જીલ્લાના તમામ પોલીસ મથકો બહાર હથિયારધારી પોલીસનો પહેરો ગોઠવવાની વાતનું સુરસુરિયું થઈ ગયું છે. બે વર્ષ પૂર્વે ડીજીપી કક્ષાએથી રાજયના તમામ પોલીસના -વેશદ્વારે હથિયારધારી પોલીસ જવાન તૈનાત કરવા પરિપત્ર કરવામાં આવ્યો હતો. શરૂઆતના તબક્કે તેનો અમલ પણ થયો હતો. પરંતુ સમય જતા હથિયારધારી પોલીસ મુકવાની વાત હવા થઈ ગઈ છે. જેના પરિણામે વિવિધ પોલીસ મથકોમાં સ્થિત પકડાયેલા મુદ્દામાલની સલામતી સામે પણ -ઉઠ્યો છે. થોડા સમય અગાઉ જ સે-૭ માં એક દારૂડિયાએ પોલીસ જવાનના માથામાં બેટ ફટકારી ગંભીર ઈજા પહોંચાડી હતી. આવા સંજોગોમાં પોલીસ મથકોના -વેશદ્વારે હથિયારધારી પોલીસ તૈનાત રાખવાની અનિવાર્યતા ઉભી થઈ છે.

ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા જીલ્લા પોલીસ તંત્ર દ્વારા સમયાંતરે નવતર આયોજનો અમલી બનાવાય છે. બીજી તરફ પોલીસની કામગીરી પણ અસરકારક અને સરળ બને તે માટે ડીજીપી કચેરી કક્ષાએથી નતનવા એક્શન પ્લાન ઘડવામાં આવતા હોય છે. પોલીસ દ્વારા ગુનાખોરી ડામવાની ઝુંબેશ દરમિયાન આરોપીઓ પાસેથી પકડાયેલા વાહન સહિતના અન્ય કિંમતી મુદ્દામાલ કબજે લેવામાં આવતો હોય છે. જયારે આ કિંમતી મુદ્દામાલ પોલીસ મથકોમાં રાખવામાં આવતો હોય છે. પોલીસ સ્ટેશનમાં પણ આ અંગે યોગ્ય વ્યવસ્થા અને સલામતી જળવાઈ રાહે તે સઘળી બાબતોને ધ્યાને લઈ બે વર્ષ પૂર્વે તત્કાલીન ડીજીપી દ્વારા રાજયના -ત્યેક પોલીસ મથકોના -વેશદ્વારે હથિયારધારી પોલીસ ફરજ પર મુકવા નિર્ણય લેવાયો હતો. આ અંગે પરિપત્ર જારી કરી તમામ જીલ્લા પોલીસ મથકોએ સુચના પણ આપી દેવામાં આવી હતી. જેના અંતે પોલીસ સ્ટેશન બહાર પોલીસ પહેરો મુકવાની વાતનો -રંભિક તબક્કે અમલ થયો હતો. પરંતુ સમય જતા હાલની સ્થિતિએ એકપણ પોલીસ મથકોમાં હથિયારધારી પોલીસનો પહેરો જોવા મળતો નથી. જેના પરિણામે પોલીસ તેમજ જપ્ત કરાયેલા મુદ્દામાલની સલામતી સામે -ર્થ ઉઠ્યો છે. સે-૭ પોલીસ સ્ટેશનમાં થોડા દિવસો અગાઉ બેકાબુ બનેલા એક દારૂડિયાએ પોલીસના માથે બેટ ઝીકી દીધાની ઘટના બની હતી. આ -કારના બનાવો અટકાવવા માટે પણ હથિયારધારી પોલીસ મુકવાની યોજનાનો પુનઃ અમલ થાય તે જરૂરી બન્યું છે.

## શિશુવિહાર સંસ્થા બાળકોનું આરોગ્ય તપાસશે

ગાંધીનગર, તા. ૨૦

શાળા પ્રવેશોત્સવ સાથે શિશુવિહાર સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત શહેરની ૫૭ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૭ અને ૮મી બહેનોનાં હિમોગ્લોબીન તપાસ અને જરૂરી સારવારનો કાર્યક્રમ ભાવનગરની જાણીતી સામાજિક સંસ્થા શિશુવિહાર દ્વારા શરૂ કરવામાં આવશે.

શિશુવિહાર સંસ્થાના પ્રાંગણમાં યોજાનાર આનંદવિહાર શાળા પ્રવેશોત્સવ પ્રસંગે ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રીશ્રી આઈ.કે. જાડેજા તથા અર્બન ડેવલપમેન્ટના ચેરમેન અમોહ શાહની વિશેષ ઉપસ્થિતિમાં શિશુવિહાર સંસ્થા દ્વારા સતત પાંચ વર્ષથી ચાલતી બાળકોની આંખ તપાસ, દવા અને જરરિયાત અનુસાર ચશ્મા વિતરણ પ્રવૃતિનોપ્રારંભ થશે. જેથકી ૧૪૦૦૦ બાળકોને આવરી લેવાશે.

# ખડાયતા સમાજના સભ્યો માટે ફોર્મનું વિતરણ

શ્રી ખડાયતા કેળવણી મંડળ અમદાવાદ દ્વારા આગામી જાન્યુઆરી માસમાં 'શતાબ્દી મહોત્સવ' યોજવામાં આવશે. ખડાયતા સમાજના પાટનગરમાં વસતા જ્ઞાતિજનો જે મંડળના સભ્ય નથી તેવી વ્યકિતઓ માટે સભ્ય બનવા માટેના ફોર્મ હવેલી મંદિર સેકટર-૨૧ ખાતેથી સાંજે ૬ થી ૬.૩૦ સુધી વિતરણ અને ભરેલા ફોર્મ સ્વિકારવામાં આવશે. આ ફોર્મ ભરવાની પ્રક્રિયા તા. ૫ જુલાઈ સુધી ચાલશે.

## શબ્દાવલી - ૫૪૨૫



### આડી ચાવી

- ૧. અણનમ (૪)
- ૪. ઢોરમાં થતાં જીવડા (૩)
- ૬. બાલટી, પાણી ભરવાનું વાસણ (૨)
- ૭. 'મતલબ' શબ્દ આડોઅવળો (૪)
- ૯. વિધ્ન, નડતર (૨)
- ૧૦. તખ્ત પર બિરાજમાન (૫)
- ૧૪. મોકો, દાવ (૨)
- ૧૫. કોઇ પણ પક્ષ વગરનું (૩)
- ૧૭. ... સેવ (તીખી) ખુબ વખણાય (૪)
- ૧૯. કહાની (૩)
- ૨૦. માર..., પીટાઇ (૨)

### ઊભી ચાવી

- ૧. એક દમ અડીને (૪)
- ૨. નક્કી થવું, શરીર (૨)
- ૩. રીપેરીંગ (૪)
- ૪. વાસણ (૪)
- ૫. પૃથ્વી, ધરા (૨)
- ૮. કવચ (૩)
- ૧૧. પથ્થર (એકદમ મોટો)(૨)
- ૧૨. નગરનો આગેવાન શેઠ(૫)
- ૧૩. વાંચવા લખવાની આવડત વાળુ બનાવવું તે... અભિયાન(૪)
- ૧૫. એકના બદલે બીજું, આ... આ (૩)
- ૧૬. એક ટક, નાશ ન થાય તેવું (૩)
- ૧૮. સફેદો અને બેલતેલની લુગદી (૨)

### શબ્દાવલી ૫૪૨૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) તરબૂચ (૪) કાકડી (૭) ખાલસા (૯) રમ (૧૦) સ્વીકાર (૧૨) રેશમ (૧૩) વાવ (૧૪) રસ્તા (૧૫) ડોડા (૧૭) મનસા (૧૯) કાતરા (૨૧) વખતોવખત (૨૩) ડામર (૨૪) લડત

**ઊભી ચાવી :-** (૧) તપસ્વી (૨) બૂખાર (૩) ચલ (૫) કરમદા (૬) ડીમ (૮) સારેવડા (૧૧) કારસ્તાન (૧૩) વાડો (૧૪) રમકડાં (૧૬) ખેરાત (૧૮) સાવર (૧૯) કાવડ (૨૦) તખત (૨૨) તોલ

# માણસા આનંદીમાના વડલા ખાતે ભજન સત્સંગનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ માણસા આનંદીમાના વડલામાં રહેતા પ.પૂ. શ્રી છબીલદાસ મણીલાલ પરીખનું અવસાન થયું હતું. આ વાનપ્રસ્થાશ્રમના અંતેવાસી પ.પૂ.શ્રી છબીલદાદાની સાતમી માસિક પુણ્યતિથિ નિમિત્તેતા. ૨૨-૬-૨૦૧૪નેરવિવારના રોજ બપોરના ૨.૩૦ કલાકે અમદાવાદના સુપ્રસિદ્ધ ભજનીક અને ભાગવત કથાકાર પ.પૂ. શ્રી મુકેશભાઈ ભટ્ટના ભજનોનું આયોજન કરેલ છે. પ.પૂ. છબીલદાદાદાની સાતમી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાસુમન અર્પણ કરવા માટે તેઓના ધર્મપત્નિ પ.પૂ. ઈન્દુબાની ઈચ્છાનુસાર શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માણસાના પ્રજાજનો તેમજ સર્વ ભજન મંડળની બહેનોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે.

સંસ્થાના માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસના જણાવ્યા અનુસાર પ.પુ. શ્રી છબીલદાદા મુંબઈ સરકારમાં સરકારી નોકરીમાં જોડાઈને છેલ્લે ગુજરાત સરકારમાં ઉપસચિવશ્રીના હોદ્દામાંથી નિવૃત્ત થયા હતા. તેઓશ્રીને ભારતના લોખંડી પુરુષ સરદાર પટેલના પી.એ. તરીકે કામ કરવાનો પણ અવસર પ્રાપ્ત થયો હતો. પૂ. શ્રી છબીલદાદા પણ લોખંડી મનોબળ ધરાવતા હતા. છેલ્લે તેઓ માણસા ખાતેના આનંદીમાના વડલામાં રહેતા હતા. જ્યાં તેઓ ટુંકી માંદગી બાદ પ્રભુને પ્યારા થયા હતા. સ્વાભાવિક જ સ્વજનના અવસાનથી વાર્ષિક પુણ્યતિથિએ પરિવારજનો તેને યાદ કરતા હોય છે, પરંતુ પૂ. શ્રી છબીલદાદાની ધર્મપત્નિ શ્રીમતિ ઈન્દુબેન છબીલદાસ પરીખની ઈચ્છાનુસાર શ્રી વિધ્નેશ્વરી પરિવાર દ્વારા સાતમી માસિક પુણ્યતિથિ ઉજવવાનું નક્કી કરી ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આથી સૌ પ્રજાજનોને તા. ૨૨-૬-૨૦૧૪ને રવિવારના રોજ બપોરના ૨.૩૦ કલાકે પધારીને પૂ. છબીલદાદાને શ્રદ્ધાસુમન અર્પણ કરવા હાર્દિક નિમંત્રણ છે.

# પ્રાચિનશ્રી વિષ્ણુ ભગવાન દશાવતાર મંદિરનું ભવ્ય નવનિર્માણ

## શિરોહી મહારાજા સાથે રાજઘરાના પરિવાર અને સ્થાનિક લોકોની ઉપસ્થિતિ વચ્ચે સમર ગ્રુપ દ્વારા યોજાઈ રહ્યો છે પાંચ દિવસનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

ભારતીય સંસ્કૃતિ અને વરસાને જાળવી રાખી તેમજ તેને પ્રોત્સાહિત કરીને આજની પેઢીને આ અંગે એજયુકેટ કરવાના ઉદ્દેશથી સમર પ્રથમવાર યોજે છે પાંચ દિવસનો ભવ્ય શ્રી વિષ્ણુ ભગવાન દશાવતાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ. વિષ્ણુ ભગવાન દશાવતાર મંદિરને રીનોવેટ કરીને તેને એક નવા જ રૂપ રંગ સાથે ઉદઘાટીત કરવામાં આવી રહ્યું છે. આ મંદિરમાં રહેલી ભગવાન વિષ્ણુની મૂર્તિ ખૂબ જ પ્રાચિન છે અને જેને જાલોરમાં લૂંકર ફેમિલીએ શોધી હતી. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શિરોહીના માનનીય શ્રી મહારાજા દરબાર સાહેબ ખાસ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને મહોત્સવને શોભાવશે. જેઓ પણ આ પ્રાચિન મૂર્તિને મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સાથે બેસાડીને મંદીરના ભવ્ય નિર્માણમાં મહારાજા સાહેબની મહત્વની ઈચ્છા રહેલી છે. આ પ્રસંગે મહારાજા સાહેબ સાથે તેમનું રાજઘરાના પરિવાર પણ ઉપસ્થિત રહેશે અને આ જગ્યાને દેશના પવિત્રધામ તરીકે ખ્યાતનામ કરવામાં મહારાજા સાથે તેઓ સક્રિય રીતે ભાગ આપી રહ્યા છે.

## કમરતોડ વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, નુરના દરમાં સુચિત વધારો પણ અગાઉ નક્કી કરવામાં આવ્યો હતો. આજે યાત્રી ભાડા અને નુરના દરમાં વધારો હાલના સમયનો સૌથી જંગી વધારો છે. મૂળભૂત ભાડામાં ૧૦ ટકાનો વધારો થયો છે જ્યારે ૪.૨ ટકાનો વધારો ફ્યુઅલ એડજસ્ટમેન્ટ કોસ્ટ છે. જે લોકો પહેલાથી જ ટીકીટ બુકિંગ કરાવી ચુક્યા છે તે લોકોને પણ યાત્રા કરતીવેળા ટીટીઈને વધારાની રકમ આપવી પડશે. આટલો મોટો વધારો કરવામાં આવ્યા બાદ મોદી સરકાર દ્વારા કોઈ પ્રતિક્રિયા તરત આપવામાં આવી નથી. અગાઉ આચારસંહિતા અમલી હોવાના કારણે આ નિર્ણય કરી શકાયો નહતો. તીવ્ર વધારો કરતા સરકારે દલીલ કરી છે કે, આ નિર્ણય યુપીએ સરકાર દ્વારા લેવામાં જ આવ્યો હતો પરંતુ તેને અમલી કરાઈ શક્યો નહતો. જેથી હવે આને અમલી બનાવવામાં આવી રહ્યો છે. ૯મી જુલાઈના દિવસે રેલવે બજેટ રજૂ કરવામાં આવનાર છે પરંતુ સરકારે પહેલાથી જ યાત્રીભાડામાં વધારાની જાહેરાત કરી દીધી છે. આ વધારા મુજબ દિલ્હીથી મુંબઈ માટે સ્લીપર ક્લાસ માટેનું ભાડું હજુ સુધી ૫૫૫ રૂપિયા છે જે હવે ૬૩૨ રૂપિયા સુધી થશે. દિલ્હી-મુંબઈ એસી-૨નું ભાડું ૨૪૯૫ છે જે હવે વધીને ૨૮૪૯ થઈ જશે. એસી થ્રી ટાયર માટેનું ભાડું ૧૮૧૫થી વધીને ૨૦૭૩ થઈ જશે. રેલવે માટે વધારાના સંશાધનો ઉભા કરવાના હેતુસર આ નિર્ણય કરાયો છે. આ પગલાથી રેલવેને ૮૦૦ કરોડ રૂપિયાનો લાભ થશે.

## ગરમી યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું. શુષ્ક વાતાવરણ અને પવનની વધઘટના કારણે નગરજનો અકલાઈ ઉઠ્યા હતા. અધુરામાં પુરૂ હોય તેમ છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં વાદળો બંધાતા હોય તેવી પ્રતિતિ થઈ હતી. જેના કારણે નગરજનોને તા. ૨૦મી જૂન સુધીમાં પહેલો વરસાદ થઈ જશે અને ચોમાસુ બેસી જશે તેવો આશાવાદ બંધાયો હતો. પરંતુ આજે આ વાદળો પણ વેરવિખેર થયેલા દેખાતા વરસાદના આગમનની આશાઓ પણ વેરણ થઈ ગઈ હતી. હાલ તો એકાદ વરસાદી ઝાપટુ પડે તો અસહ્ય ગરમી અને બફારામાંથી રાહત મળે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે. પરંતુ કુદરતને શું મંજુર છે તે તો કુદરત જ જાણે છે.

## કોંગ્રેસ રજૂઆત કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રજાના પ્રશ્નોની અસરકારક રજૂઆતો અને ચર્ચા થાય તેમજ તેના ઉકેલ માટે તંત્ર સમક્ષ રજુઆતો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. દર ૧૫ દિવસે કોર્પોરેટરો બધા જ કોર્પોરેશનમાં અધિકારીઓને મળી આ મુદ્દે રજુઆત કરશે અને જરૂર પડયે કમિશનરશ્રીનું ધ્યાન પણ દોરશે.

આ બેઠકમાં શહેરના સંગઠ્નને પણ વધુ મજબુત બનાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો તેમજ આગામી દિવસોમાં કેટલાક કાર્યક્રમોનું આયોજન કરાશે તેમ પક્ષના પ્રવકતા શ્રી અશ્વિન વ્યાસે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## રૂટ પુનઃ શરૂ કરવા માંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાથી અને શહેરના મુખ્ય મથકોથી દૂર હોવાથી રીક્ષા ભાડું પણ વધુ ચુકવવું પડે છે. આથી ક રોડ પરથી ચાંદખેડા-અડાલજ તરફ દર અડધા કલાકે શહેરી બસ સેવા મળે તો અનેક ધંધાર્થીઓ, નોકરિયાતો, વિદ્યાર્થીઓ, દર્દીઓ વગેરે મુસાફરોને અમદાવાદ તરફ જવા આવવાનું સરળ બને તેમ છે. વિટકોસના શહેરી રૂટોને ખ રોડ પરથી ટ્રાફિકના પ્રમાણમાં ચલાવવા આહિર સમાજનાયુવા કાર્યકર અશ્વિન જાટીયાએ કલેકટર તેમજ મ્યુનિસિપલ કમિશનર સહિત વિટકોસના સંચાલકોને આવેદન પત્ર લખીને માંગણી કરી છે. તેમણે અગાઉ આ રોડ પરથી ચાલતા રૂટને વિટકોસના સંચાલકોએ બંધ કરતા આ વિસ્તારના મુસાફરોમાં રોષની લાગણી જન્મી છે તે અંગે પણ ધ્યાન દોર્યું છે.

## સોફ્ટવેર ફોલ્ટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સીમ્યુલેશન્સ દ્વારા ફરીથી ડમી ડ્રો કરી ડીટેઈલ્ડ સ્કુટીની કરવા જણાવવામાં આવ્યું જેમાં ડમી ડ્રોના પરિણામોમાં અને રાજકોટના ડ્રોના પરિણામોમાં ઘણો તફાવત જોવા મળેલ અને ફીઝીકલ એપ્લીકેશનની પસંદગી વધારે જોવા મળેલ. ઉક્ત બન્ને ડ્રોના પરિણામોમાં મોટા તફાવત અંગે તા. ૧૮મીના રોજ મે. દેવ ઈન્ફોર્મેશન સીસ્ટમ પાસેથી સ્પષ્ટતા મંગાવવામાં આવેલ, અને સાથેસાથે બોર્ડ દ્વારા ગુજરાત ઈન્ફોર્મેટીક લી.ને આ બાબતે ચકાસણી કરી અહેવાલ આપવા જણાવવામાં આવેલ. આ પ્રકારે બોર્ડ દ્વારા ડેટાબેઝ યોગ્ય ચકાસણી કર્યા બાદ આપવામાં આવેલ તેમજ ત્રણ લેવલના રેન્ડમાઈઝેશન સહિતની રોબસ્ટ વેબ બેઝ્ડ એપ્લીકેશન તૈયાર કરવામાં આવેલ. પરંતુ મે. દેવ ઈન્ફોર્મેશન સીસ્ટમ દ્વારા ફોલ્ટી સોફ્ટવેરનો ઉપયોગ કર્યો હોવાથી ડ્રોનું રીઝલ્ટ રદ થયેલ છે. આ ફોલ્ટના કારણે રાજકોટ મુકામે કરવામાં આવેલ ૨૧ યોજનાઓનો કોમ્પ્યુટરાઈડ ડ્રો રદ કરી નવેસરથી ડ્રો કરવા તેમજ દેવ ઈન્ફોર્મેશન સીસ્ટમ સામે પગલા લેવા ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.

## બધી કલાનો વિકાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દફ્તર, કંપાસ, નોટબુક અને પુસ્તકોની ભેટ આપવામાં આવી હતી. સ્થાનિક અગ્રણી જયેશ બારોટે વિદ્યાર્થીઓને કંપાસનું વિતરણ કર્યું હતું. આ તબક્કે ભાજપ યુવા મોરચાના પદમસિંહ ચૌહાણે પણ વિદ્યાર્થીઓની રમતગમત વૃત્તિને પ્રોત્સાહિત કરવા રૂ.૧૧૧૧ નો પુરષ્કાર આપ્યો હતો. શાળા પ્રવેશોત્સવ પ્રસંગે ખાસ ઉપસ્થિત ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે નવી પેઢીને તૈયાર કરવા શાળાઓ કાર્યરત છે. જયારે આ ભૂલકાઓએ મોટા થઈને શું કરવું તે માટે શિક્ષણ ક્ષેત્રે નવી નવી ફેકલ્ટીઝ પણ અસ્તિત્વમાં આવી છે. આવા કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓને જે વાતાવરણ મળે તેના આધારે તેમનામાં રહેલી આંતરિક શક્તિઓનો વિકાસ થતો હોય છે. દરેક બાળક પોતાની વિડીયોગ્રાફી કરે છે. જેના આધારે ઈવેન્ટ મેનેજમેન્ટની સુઝ તેનામાં આપોઆપ કેળવાતી હોય છે. આજે વિદ્યાર્થીઓમાં યાદશક્તિ ઘટતી જાય છે ત્યારે તેમણે સંસ્કૃત ભાષા શીખવાની બાબત પર પણ ભાર મુક્યો હતો. તેનાથી મેમરી પાવર વધતો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. શાળા પ્રવેશોત્સવ દરમિયાન નવા છ વર્ગોનું પણ રીબીન કાપી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તેમજ આ તબક્કે શાળા સંકુલમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.